**અમદાવાદ (ગ્રામ્ય) ના ચોથા અધિક સેસન્સ જજશ્રીની કોર્ટમાં, મુકામ:અમદાવાદ.**

**ક્રિ.પ.અ.નં.૬૫૭/૨૦૨૬**
**આંક:**

**<u>અરજદાર</u>:** (૧) **ઈમરાન ઉર્ફે વાંકો ઉર્ફે લંગડો ઉર્ફે બીડી અમીનભાઈ કડોદીયા(જમાદાર)**
ઉ.વ.આ.૪૩, ધંધો: છુટક મજુરી
રહે.૬૭૯,પટેલ ટેકરા,કઠોર ગામ,
અબ્રામા જી.સુરત
**(હાલ : જ્યુડીશીયલ કસ્ટડીમા)**

વિરૂધ્ધ

**<u>સામાવાળા</u>:** શ્રી સરકાર

**<u>બાબત:-ભા.ના.સું.સ.ની કલમ:૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.</u>**

| |
|---|
| અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.પી.ગમારા<br>સામાવાળા તરફે વિધ્વાન સરકારી વકીલશ્રી પી.એમ.ત્રિવેદી |

**<u>-:: હુકમ ::-</u>**

**૧.** આ કામનાં અરજદારે હાલની જામીન અરજી ભા.ના.સું.સ.ની કલમ:૪૮૩ મુજબ ધોલેરા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૨૦૧૯૨૫૦૨૯૪/૨૦૨૫,બી.એન.એસ. ની કલમ-૩૧૦ (૨) , ૩૧૧,૬૧ તથા જી.પી.એ.ક.૧૩૫ મુજબના કામે આરોપી તા.૨૬ /૧૧/૨૦૨૫ ના રોજથી જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય રેગ્યુલર જામીન ઉપર મુકત થવા આ અરજી કરેલ છે.

**૨.** સદર અરજી અત્રેની અદાલતમાં દાખલ થતા રજીસ્ટરે લઈ સામાવાળા/શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલ અને તેમના તરફે રજુ કરેલ સોગદનામુ

વંચાણે લીધેલ અને દલીલો સાંભળેલ.

**૩.** અરજદાર/આરોપી તરફે તેઓનાં વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે,તેઓ તદન નિર્દોષ છે. હાલના અરજદાર/આરોપીને શંકાના આધારે સંડોવી દિધેલ છે. અરજદાર/આરોપીએ કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ ભાગ ભજવેલ નથી. અરજદાર/આરોપીનુ નામ એફ.આઈ.આર.માં જણાવેલ નથી કે તેમના નામ જોગ કોઈ રોલ નથી.આ કામે ફરીયાદ મોડી આપવામાં આવેલ છે તે બાબતે કોઈ સંતોષકારક ખુલાસો કરવામાં આવેલ નથી. અરજદાર/આરોપી વિકલાંગ છે શરીરનું અડધુ અંગ કામ કરતુ નથી આ કામે તપાસ પૂર્ણ થઈ ગયેલ હોય અને કેસ ચાલવા માટે પેન્ડીગ છે અરજદાર/આરોપીના પ્રત્યક્ષ કબજામાં થી કોઈ મુદામાલ રીકવર કે ડિસ્કવર કરવામાં આવેલ નથી. આ કામના અન્ય આરોપીને નામદાર કોર્ટે જામીન મુકત કરેલ છે જેથી હાલના આરોપીને પણ પેરીટીના સીધ્ધાંત મુજબ જામીન મુકત કરાવ અરજ કરેલ છે.અરજદાર/આરોપી કયાંય નાશી ભાગી જાય તેમ નથી. આ કામે ટ્રાયલ ચાલતા સમય લાગે તેમ છે.અરજદાર/આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. તપાસમાં સાથ સહકાર આપશે તેવી ખાત્રી આપીએ છીએ. અમને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવા અરજછે.

**૪.** સામાવાળા/શ્રી સરકાર તરફે વિ. પી. પી. શ્રીએ જામીન અરજીનો ભારપૂર્વક વિરોધ કરતાં એવી રજુઆત કરેલ છે કે,હાલના અરજદાર/આરોપીએ અન્ય

આરોપીઓ સાથેમળી ગુન્હાતિ કાવતરૂ રચી ફરીાયદીને ગાડીમાં બેસાડી ફરીયાદીને છરી બતાવી ફરીયાદનો મોબાઈલફોન તથા રોકડ રૂા.૭૦,૦૦૦/– ની લુંટ કરી ગંભીર પ્રકારનો મીલકત સબંધી ગુનો આચરેલ હોય જો આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો સાહેદોને ધાકધમકી આપી પુરાવાને નુકશાન પહોચાડે તેવી શકયતા હોય તેમજ આરોપી ટ્રાયલ સમય હાજર ન રહે તેવી શકયતાને પણ નકારી શકાય નહી. તે સંજોગોમાં જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૫.** પક્ષકારોની દલીલો સાંભળી, જામીન અરજી અને તેના સલંગ્ન રજુ કરવામાં આવેલ સોગંદનામુ તથા દસ્તાવેજો વંચાણે લીધા, તપાસ કરનાર અમલદારે મારી સમક્ષ વંચાણ માટે રજુ કરેલ પોલીસ પેપર્સ  વંચાણે લીધા. અરજદાર/આરોપી સામે બી.એન.એસ. ની કલમ–૩૧૦(૨),૩૧૧,૬૧ મુજબના ગુનાનો ગંભીર આરોપી છે. રેકર્ડ પરની હકીકત જોતા, હાલના આરોપીએ ફરીયાદીને ગાડીની વચ્ચેની સીટમાં બેસાડેલ અને બંને બાજુ અન્ય આરોપીઓને બેસાડેલ જેઓએ ફરીયાદીને છરી બતાવી લુંટી લીધેલ તેમજ હાલના આરોપીએ  ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનો રોલ બતાવેલ છે. હાલના આરોપીએ કોઈ ને ઈજા પહોચાડી હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પરથી જણાઈ આવતી નથી. આ કામે મુદામાલ રીકવરી થઈ ગયેલ છે. હાલના આરોપી પાસેથી લુંટની રકમ રીકવર કે ડિસ્કવર થયેલ નથી. આ કામે તપાસ પૂર્ણ થઈ જતા ચાર્જશીટ થઈ ગયેલ છે. આ કામના અન્ય આરોપીને જામીન મુકત કરેલ છે જેથી હાલના આરોપીને પણ

પેરીટીના સીધ્ધાંતનો લાભ મળવાપાત્ર જણાય છે. હાલના આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી ફરીયાદીને છરી બતાવી લુંટ કરેલ છે કે કેમ તે આ કામે ટ્રાયલ ચાલ ે અને પુરાવો આવે અને તેનુ વિશ્લેષણ થાય ત્યારનો વિષય હોય ટ્રાયલ ચાલવામા ઘણો સમય જાય તેમ હોય, સજાની જોગવાઈ, આરોપીની ઉંમર સંજોગો જોતા, આ અરજદાર/આરોપી ને રેગ્યુલર જામીન ઉપર જામીન મુકત કરવા યોગ્ય કેસ જણાતો હોય,અરજી હેઠળ નીચે મુજબનો હુકમ કરવો યોગ્ય તથા ન્યાયોચીત જણાઈ આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

(૧) અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન અરજી મંજૂર કરવામાં આવે છે.

(૨) ધોલેરા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૨૦૧૯૨૫૦૨૯૪/૨૦૨૫,બી.એન.એસ. ની કલમ -૩૧૦(૨),૩૧૧,૬૧ તથા જી.પી.એ.ક.૧૩૫મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી **ઈમરાન ઉર્ફે વાંકો ઉર્ફે લંગડો ઉર્ફે બીડી અમીનભાઈ કડોદીયા(જમાદાર)** નાઓએ રૂપીયા ૧૦, ૦૦૦ /- ના અંકે રુપીયા દશ હજારના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા આપેથી તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો.</u>**

:૧: અરજદાર/આરોપીએ આ જામીનના હુકમ મળેલ સ્વતંત્રતાનો ગેરલાભ લેવો નહી કે સ્વતંત્રતાનો દુરઉપયોગ કરવો નહી.

:૨: અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય કરવું,

કરાવવું નહી.

:૩: અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો એક અઠવાડીયામાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

:૪: અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

:૫: અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે તેઓનું હાલનું સરનામું તથા મોબાઈલ નંબર તપાસ કરનાર અધીકારી અને ટ્રાયલ કોર્ટને આપવું અને તે સરનામા અને મોબાઈલ નંબરમાં ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ફેરફાર કરવો નહી.

**જામીન ટ્રાયલ કોર્ટમાં આપવા.**
**હુકમની યાદી ટ્રાયલ કોર્ટ અને સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.**

હુકમ આજ તારીખ–૧૧–મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

District & Sessions Court Ahmedabad[Rural] सत्यमेव जयते

અમદાવાદ.
તા.૧૧/૦૩/૨૦૨૬

(દિપેન દિલીપકુમાર બુધ્ધદેવ)
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
અમદાવાદ(રૂરલ), અમદાવાદ
Code No. GJ-00612